GJDH030023962023

રજુ તારીખ :૧૮/૧૦/૨૦૨૩
દાખલ તારીખ :૧૮/૧૦/૨૦૨૩
જજમેન્ટ તારીખ:૧૩/૦૮/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૨– ૦૯– ૨૬

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ **:** ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – **૧૩/૦૮/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર: ૧૬૧૫/૨૦૨૩

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પીપલોદ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન સ્પે. એ પી પી શ્રી | જે. આર. લાલપુરવાલા |
| આરોપી | ભગારામ ગોરધનરામ ચૌધરી,<br>રહે.– અન્દાનીયા–કાતલા, પોસ્ટ–દુદાબેરી, તા. જિ. બાડમેર (રાજસ્થાન). |
| આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી | ડી. એચ. બારીઆ |

# FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૦/૦૮/૨૦૨૩. |
| ફરિયાદની તારીખ | ૨૦/૦૮/૨૦૨૩. |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૧૦/૨૦૨૩. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૩/૧૧/૨૦૨૩. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૩/૧૧/૨૦૨૩. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભગારામ ગોરધનરામ ચૌધરી | ૨૧/૦૮/૨૦૨૩ | -- | ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ – ૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૨૦બી | | | |

**FORM–C**

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ – મુકેશભાઇ સોમાભાઇ ગમાર ની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ – પ્રવિણભાઇ સોમાભાઇ લુહારની જુબાની | ૦૯ |
| ૩ | ફરિયાદી – સાજણભાઇ વીરાભાઇ વસરાની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ – રાણાભાઇ હમીરભાઇ ફુગસીયાની જુબાની | ૧૫ |
| ૫ | સાહેદ – ચંદુભાઇ અખમભાઇ તાવીયાડની જુબાની | ૧૬ |
| ૬ | સાહેદ – વિશાખા જૈન નરેન્દ્રકુમાર જૈનની જુબાની | ૩૧ |
| ૭ | ત.ક.અ. કોરાકુંડા સિધ્ધાર્થની જુબાની | ૩૩ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૮ |
| ૨ | ફરિયાદ | ૧૪ |
| ૩ | ઓમ સાંઇ ટ્રેડીંગ કંપનીના ઇનવોઇસની ઝેરોક્ષ નકલ | ૧૭ |
| ૪ | ઇ–વે બીલની ઝેરોક્ષ નકલ | ૧૮ |
| ૫ | ઓમ સાંઇ લોજીસ્ટીકની ઝેરોક્ષ નકલ | ૧૯ |

| | | |
|---|---|---|
| ૬ | નેશનલ પરમીટની ઝેરોક્ષ નકલ | ૨૦ |
| ૭ | પી. યુ. સી. ની સર્ટીફીકેટ નકલ | ૨૧ |
| ૮ | ડેપ્યુટી એકસાઇઝ કમીશ્નર ચંડીગઢની નકલ | ૩૪ |
| ૯ | યુનાઇટેડ સ્પીરીટ લી. કંપનીનો માહિતીનો પત્ર | ૩૫ |
| ૧૦ | વાહનને લગતી લાઇવ માહિતીનો રીપોર્ટ | ૩૬ |
| ૧૧ | વાહનને લગતની માહિતીની વિગતની નકલ | ૩૭ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | પીપલોદ પો.સ્ટે. મુદ્દામાલ પાવતી નં. ૮૯/૨૦૨૩ |

**–:જજમેન્ટ :–**

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૩ ના કલાક ૧૧:૨૩ વાગે માજે દાહોદથી ગોધરા તરફ જતા હાઇ વે રોડ ઉપર અસાયડી ગામ પાસે અન્નપુર્ણા હોટલ સામે આ કામના આરોપીએ અન્ય આરોપીના મેળાપીપણામાં પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમિટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાની ટ્રકમાં ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટી નંગ–૯૧૬ જેમાં કુલ બોટલો નંગ–૨૮૨૩૬ કિંમત રૂ. ૪૬,૪૨,૦૮૦/– તથા ટ્રકની કિંમત રૂ. ૨૦,૦૦,૦૦૦/– તથા મોબાઇલ નંગ–૧ કિંમત રૂ. ૫,૦૦૦/– તથા આરોપીના કબજામાંથી રોકડ રકમ રૂ. ૬,૩૫૦/– મળી કુલ કિંમત રૂ. ૬૬,૫૩,૪૩૦/– ના પ્રોહી. મુદામાલ સાથે પોલીસ રેઈડ દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ પીપલોદ પોલીસ સ્ટેશનમાં આપતાં, પીપલોદ પાર્ટ સી ગુના રજીસ્ટર નં. ૧૧૮૨૧૦૫૨૨૩૦૩૧૬/૨૦૨૩ થી ગુનો

દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) તથા ઈ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

2. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયાં અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ–૨૪૦ મુજબ વિગતવારનું તહોમતનામુ આંક–૦૪ થી ફરમાવી, વાંચી સંભળાવતાં સમજાવતાં ગુન્હા અંગે આંક–૦૫ થી જવાબ પુછવામાં આવતાં ઈન્કાર કરતાં, કલમ–૨૪૨ મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

4. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

5. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–//મુદ્દા//–</u>**

5.1. શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૩ ના કલાક ૧૧:૨૩ વાગે માજે દાહોદથી ગોધરા તરફ જતા હાઈ વે રોડ ઉપર અસાયડી ગામ પાસે અન્નપુર્ણા હોટલ સામે આ કામના આરોપીએ અન્ય આરોપીના મેળાપીપણામાં પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમિટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાની

ટ્રકમાં ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટી નંગ–૯૧૬ જેમાં કુલ બોટલો નંગ–૨૮૨૩૬ કિંમત રૂ. ૪૬,૪૨,૦૮૦/– તથા ટ્રકની કિંમત રૂ. ૨૦,૦૦,૦૦૦/– તથા મોબાઇલ નંગ–૧ કિંમત રૂ. ૫,૦૦૦/– તથા આરોપીના કબજામાંથી રોકડ રકમ રૂ. ૬,૩૫૦/– મળી કુલ કિંમત રૂ. ૬૬,૫૩,૪૩૦/– ના પ્રોહી. મુદામાલ સાથે પોલીસ રેઈડ દરમ્યાન પકડાઇ જઇ પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

**7.1.** વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>

**7.2.** આ કામે ફરિયાદ પક્ષે પંચસાહેદ મુકેશભાઇ સોમાભાઇ વણકરનાઓને આંક–૦૭ થી તથા બીજા પંચસાહેદ પ્રવિણભાઇ સોમાભાઇ લુહારનાઓને આંક–૦૯ થી તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઇ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામુ આંક–૦૮ થી રજુ છે. આમ સદર પંચસાહેદોએ પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય સદર પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. જેથી આંક–૦૮ વાળુ પંચનામુ પુરવાર થતું નથી.

**7.3.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી સાજણભાઇ વીરાભાઇ વસરાનાઓને આંક–૧૩ થી તપાસેલ છે. તેઓએ આંક–૧૧ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે.

જયારે સદર ફરિયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે તેઓ બનાવ અગાઉ ૧ વર્ષ અને ૭ માસથી સ્ટેટ મોનીટરીંગ સેલમાં ફરજ બજાવતા હતાં. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓની ફરજમાં ગુજરાત રાજયમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતી જેવી કે દારૂની હેરાફેરી અને જુગારની પ્રવૃત્તિ રોકી તેની સામે કાર્યવાહી કરવાની હોય છે. બનાવના દિવસે તેઓ ખાનગી વાહનમાં નીકળેલા. તેમજ એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે તેઓને ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેઓના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે. તેઓ બનાવના દિવસે ફરતા ફરતા દાહોદ જિલ્લામાં આવેલા. બનાવ અંગેની બાતમી તેઓને મળી હતી. તેઓને બાતમી રાતના દસેક વાગે મળેલી. બાતમી મળી ત્યારે તેઓ અસાયડી ગામે હતા. તેઓને મૌખીક રીતે બાતમી મળેલી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા માણસો અને વાહનોની સતત અવર જવરવાળી જગ્યા છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુ બાજુ હોટલ અને દુકાનો આવેલી છે અને ત્યાં લોકોની અવર જવર કરે છે. પંચોના માણસો તેઓના સાથી મીત્રોએ બોલાવેલા. પંચના માણસો લીમખેડાના હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે અસાયડી હોટલથી લીમખેડા ૧૨ થી ૧૫ કી.મી.ની દુરી ઉપર છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ સ્થાનીક પંચો સહેલાઇથી મળી શકે તેમ છે. તેમજ એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. તેઓ કોઈ પણ જગ્યાએ બનાવના સંદર્ભે જઈએ તો તેઓની સાથે લેપટોપ અને પ્રીન્ટર સાથે લઈને જઈએ છીએ. તેમજ એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે કોઈપણ ગુનાનુ પંચનામું કરવુ હોય તો હાથથી લખીને કરવુ પડે. તેમજ એ હકિકતનો ઇન્કાર કરેલ છે કે પંચનામાની કાર્યવાહી પીપલોદ પો.સ્ટે.માં આવીને કરેલી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ કામના પંચનામા મુજબ પંચનામાની કાર્યવાહી પીપલોદ પો.સ્ટે.માં કરવામાં આવેલી છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ દરેક બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ચોડી શીલ કરવામાં આવેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલના સેમ્પલ તેઓએ પોતે એફ.એસ.એલ. ખાતે મોકલેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલ ટ્રકના નંબરની ખાત્રી તેઓએ પોતે આર.ટી.ઓ. ઓફીસમાંથી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે મુદ્દામાલ ટ્રકની માલીકી અંગે

તેઓએ કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદ આપતા અગાઉ તેઓએ સામાનની બીલ્ટી બાબતે ઓમ સાંઈ ટ્રેડીંગ કંપની તથા ગીરીરાજ ટ્રેડીંગ કંપનીમાં કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે બનાવવાળી જગ્યાએ અસાયડી હોટલ ઉપર ઘણાં બધા ટ્રકો ઉભેલા હતા. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ ન હોવા છતાં સારી કામગીરી બતાવવા માટે આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ આપી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**7.4.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ રાણાભાઈ હમીરભાઈ કુગસીયાનાઓને આંક–૧૫ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ બનાવ અગાઉ આશરે પાંચ વર્ષથી સ્ટેટ મોનીટરીંગ સેલમાં ફરજ બજાવતા હતાં. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓની ફરજમાં ગુજરાત રાજયમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતી જેવી કે દારૂની હેરાફેરી અને જુગારની પ્રવૃત્તિ રોકી તેની સામે કાર્યવાહી કરવાની હોય છે. બનાવના દિવસે તેઓ ખાનગી વાહનમાં નીકળેલા. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે તેઓને ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેઓના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે. તેઓ બનાવના દિવસે ફરતા ફરતા દાહોદ જિલ્લામાં આવેલા. બનાવ અંગેની બાતમી સાજણભાઈને મળી હતી. બાતમી મળી ત્યારે તેઓ અસાયડી ગામે હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા માણસો અને વાહનોની સતત અવર જવરવાળી જગ્યા છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુ બાજુ હોટલ અને દુકાનો આવેલી છે અને ત્યાં લોકોની અવર જવર કરે છે. પંચોના માણસો તેઓના સાથેના તાવીયાડ સાહેબે બોલાવેલા. પંચના માણસો લીમખેડાના હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે અસાયડી હોટલથી લીમખેડા ૧૨ થી ૧૫ કી.મી.ની દુરી ઉપર છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ સ્થાનીક પંચો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. તેઓ કોઈ પણ જગ્યાએ બનાવના સંદર્ભે જઈએ તો તેઓની સાથે લેપટોપ અને પ્રીન્ટર સાથે લઈને જઈએ છીએ. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે કોઈપણ ગુનાનુ પંચનામું કરવુ હોય તો હાથથી લખીને કરવુ પડે. પ્રાથમિક પંચનામુ

સ્થળ ઉપર કરવામાં આવેલુ અને બાકીનું પંચનામુ પીપલોદ પો.સ્ટે.માં કરવામાં આવેલ. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ દરેક બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ચોડી શીલ કરવામાં આવેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલના સેમ્પલ તેઓએ પોતે એફ.એસ.એલ. ખાતે મોકલેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલ ટ્રકના નંબરની ખાત્રી તેઓએ પોતે આર.ટી.ઓ. ઓફીસમાંથી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે મુદ્દામાલ ટ્રકની માલીકી અંગે તેઓએ કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદ આપતા અગાઉ તેઓએ સામાનની બીલ્ટી બાબતે ઓમ સાંઈ ટ્રેડીંગ કંપની તથા ગીરીરાજ ટ્રેડીંગ કંપનીમાં કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે બનાવવાળી જગ્યાએ અસાયડી હોટલ ઉપર ઘણાં બધા ટ્રકો ઉભેલા હતા. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ ન હોવા છતાં સારી કામગીરી બતાવવા માટે આરોપી વિરૂધ્ધ ખોટી જુબાની આપુ છુ.

**7.5.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ચંદુભાઇ અખમભાઇ તાવીયાડનાઓને આંક–૧૬ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ બનાવ અગાઉના આશરે ચારેક મહીનાથી સ્ટેટ મોનીટરીંગ સેલમાં ફરજ બજાવતા હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓની ફરજમાં ગુજરાત રાજયમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતી જેવી કે દારૂની હેરાફેરી અને જુગારની પ્રવૃત્તિ રોકી તેની સામે કાર્યવાહી કરવાનું હોય છે. બનાવના દિવસે તેઓ ખાનગી વાહનમાં નીકળેલા. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે તેઓએ ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેઓના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે. તેઓ બનાવના દિવસે ફરતા ફરતા દાહોદ જિલ્લામાં આવેલા. બનાવ અંગેની બાતમી સાજણ ભાઈને મળી હતી. બાતમી મળી ત્યારે તેઓ અસાયડી ગામે હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા માણસો અને વાહનોની સતત અવર જવરવાળી જગ્યા છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુ બાજુ હોટલ અને દુકાનો આવેલી છે અને ત્યાં લોકો અવર જવર કરે છે. પંચોના માણસો તેઓએ બોલાવેલા. પંચના માણસો લીમખેડાના હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે અસાયડી હોટલથી લીમખેડા ૧૦ થી

૧૫ કી.મી.ની દુરી ઉપર છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ સ્થાનીક પંચો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યાએ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી. તેઓ કોઈ પણ જગ્યાએ બનાવના સંદર્ભે જઈએ તો તેઓની સાથે લેપટોપ અને પ્રીન્ટર સાથે લઈને જઈએ છીએ. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે કોઈપણ ગુનાનુ પંચનામુ કરવુ હોય તો હાથથી લખીને કરવુ પડે. પ્રાથમીક પંચનામુ સ્થળ ઉપર કરવામાં આવેલુ અને બાકીનુ પંચનામુ પીપલોદ પો.સ્ટે.માં કરવામાં આવેલું. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ દરેક બોટલો ઉપર પંચોની સહીવાળી કાપલી ચોડી શીલ કરવામાં આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બ્રાન્ડ વાઈઝ એક એક બોટલ સેમ્પલને શીલ કરેલ. પકડાયેલ વિદેશી દારૂ પૈકી પાંચ બ્રાન્ડની હતી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલના સેમ્પલ તેઓએ પોતે એફ.એસ.એલ. ખાતે મોકલેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે પકડાયેલ મુદ્દામાલ ટ્રકના નંબરની ખાત્રી તેઓએ પોતે આર.ટી.ઓ. ઓફીસમાંથી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે મુદ્દામાલ ટ્રકની માલીકી અંગે મે પોતે કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદ આપતા અગાઉ તેઓએ સામાનની બીલ્ટી બાબતે ઓમ સાંઈ ટ્રેડીંગ કંપની તથા ગીરીરાજ ટ્રેડીંગ કંપનીમાં કોઈ ખાત્રી કરેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સમયે બનાવવાળી જગ્યાએ અસાયડી હોટલ ઉપર ઘણી બધી ટ્રકો ઉભેલી હતી. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે પંચનામું પંચોની હાજરીમાં કરેલ નથી. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે કહેવાતો મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ ન હોવા છતાં સારી કામગીરી બતાવવા માટે આરોપી વિરૂધ્ધ ખોટુ પંચનામુ કરી, ખોટી ફરીયાદ લઈ, ખોટી જુબાની આપુ છુ.

**7.6.** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ વિશાખા જૈન નરેન્દ્રકુમાર જૈનનાઓને આંક–૩૧ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરે છે કે તેઓએ ચાર્જશીટ કરતા પહેલા કેસના તમામ કાગળોનો અભ્યાસ કરેલો. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ કોઈ સાહેદોના વધારાના નિવેદન લીધેલા નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ ચાર્જશીટની સાથે

મુદ્દામાલનો એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચાર્જશીટ સમયે એફ.એસ.એલ.માંથી રીપોર્ટ આવેલ ન હોય તેથી રજુ કરેલ નથી. તેમજ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

**7.7.** આ કામે ફરિયાદ પક્ષે ત.ક.અ. કોરાકુંડા સિધ્ધાર્થનાઓને આંક-૩૩ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં સદર સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તપાસ સંભાળ્યા બાદ ફરિયાદ તથા પંચનામાનો અભ્યાસ કરેલો. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા અસાયડી ગામે અન્નપુર્ણા હોટલ પાસે આવેલ છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ ઘણાં બધા વાહનો તથા માણસોની અવર જવર રહેતી હોય છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની આસપાસ રહેતાં રહિસો તથા દુકાનના માલિકોના કોઈ જવાબ તેઓએ તપાસના કામે લીધેલા નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તપાસના કામે કોઈ એકસાઈઝ કમિશ્નરનો સ્ટેટમેન્ટ લીધેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે તેઓએ આ કામે વપરાયેલ વાહનના માલિકનો કોઈ જવાબ તપાસના કામે લીધેલો નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે તેઓએ મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલ વાહન જે ધર્મશાળા હિમાચલ પ્રદેશ ખાતે નોંધાયેલ હોય તેની સ્થળ ઉપર જઈ આર.ટી.ઓ. ઓફીસની મુલાકાત લીધેલ નહીં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ માહિતી ઈ-મેઈલ દ્વારા મંગાવેલી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરે છે કે આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓએ એફ.એસ.એલ. માં મોકલેલ નહી. તેમજ એ હકિકતનો ઈન્કાર કરે છે કે તેઓએ આ કામે પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ એ હકિકતનો ઈન્કાર કરે છે કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ચાર્જશીટ કરી આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**7.8.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

7.9. In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION**, 1996 (0) **AIJEL-SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

8. આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL**, 2010 (0) **AIJEL-HC** 224081, નીચે મુજબ ઠરાવેલ છે.

*15.The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness - Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent-accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ

પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદી, સાહેદો તથા ત.ક.અ.ની જુબાની પર આધાર રાખીને તે સાબિત થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને હાઈ વે રોડ તથા ટોલનાકુ આવેલ છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે

<u>-:: આખરી હુ ક મ ::-</u>

1. આ કામના આરોપી **ભગારામ ગોરધનરામ ચૌધરી, રહે.- અન્દાનીયા-કાતલા, પોસ્ટ-દુદાબેરી, તા. જિ. બાડમેર (રાજસ્થાન).નાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ- ૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ-૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ- ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી આરોપીની ગેરહાજરીમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલના વાહન તથા મોબાઇલ હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઇ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ વાહન તથા મોબાઈલનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઇ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઇ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. આરોપીએ આપેલા જુના જામીન છ માસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૧૩મી, માહે – ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ:– ૧૩/૦૮/૨૦૨૬**

**સ્થળ: – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**